# ઊંઝાના કહોડા ગામે ૩૮ લાખનો વિદેશી દારૂનો જથ્થો ભરેલી ટ્રક ઝડપાઈ

ઊંઝા, તા. ૧૧

ઊંઝા તાલુકાના કહોડા ગામ પાસે મધ્યપ્રદેશથી દારૂનો જથ્થો ભરીને ઊંઝા જતી પરપ્રાંતની ટ્રક અને આ ટ્રકનું પાયલોટીંગ કરી રહેલ સ્કોર્પિયો ગાડીને ઝડપી લઈ ટ્રકમાંથી વિદેશી દારૂની પેટીઓ, બિયરની ટીનની પેટીઓ, રોકડ રકમ, મોબાઈલ ફોન તેમજ ટ્રક અને સ્કોર્પિયો વાહનો મળી કુલ ૫૩,૧૯,૦૯૦ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ સંદર્ભે કુલ છ આરોપીઓ પૈકી પાંચ આરોપીઓની ધરપકડ કરી પ્રોહિબિશન એક્ટ મુજબ ઊંઝા પોલીસ મથકે ગુનો નોંધાયેલ છે.

વિગત એવી છે કે મધ્યપ્રદેશથી દારૂનો મોટો જથ્થો ભરીને પરપ્રાંતની એક ટ્રક ગુજરાતના ઊંઝા શહેરમાં જઈ રહી છે. અને આ ટ્રકનું પાયલોટીંગ સ્કોર્પિયો કાર કરી રહી હોવાની બાતમી સીઆઈએલ સીઆઈડી ગાંધીનગરને મળી હતી. જેથી આ સેલના પોલીસ અધિકારીએ સ્ટાફ સાથે ગઈરાત્રે ઊંઝા તાલુકાના કહોડા ગ્રામ પાસે વોચ ગોઠવી હતી. ત્યારે રાતના દસ વાગ્યાના સુમારે કહોડા ગાયત્રી પેટ્રોલ પંપ નજીક સૌ પ્રથમ દારૂની ટ્રકનું પાયલોટીંગ કરી રહેલ સ્કોર્પિયો કારને અટકાવી હતી. આ સમયે કારમાં બેઠેલ ચાલક સહિત ત્રણ શખ્સો પૈકી એક શખ્સ ફરાર થઈ ગયો હતો. જ્યારે બે શખ્સો ઝડપાઈ ગયા હતા. પકડાયેલ શખ્સોની પોલીસે પુછપરછ કરતાં દારૂનો જથ્થો ભરેલ ટ્રક પાછળ આવી રહ્યાની માહિતી મળતાં પોલીસ સતર્ક થઈ ગઈ હતી. અને પાછળ દારૂ ભરીને આવી રહેલ મધ્યપ્રદેશની ટ્રકને અટકાવી હતી.

બાદ પોલીસે ટ્રકની તલાશી લેતા અંદરથી વિદેશી દારૂની ૫૯૮ પેટીઓ તેમજ બિયરની ટીન ભરેલ ૩૮૯ પેટીઓ મળી કુલ ૯૮૭ પેટીઓ દારૂનો જથ્થો જેની કિંમત રૂપિયા ૩૮,૦૪,૦૦૦ તથા દસ લાખની કિંમતની ટ્રક નં. એમ.પી. ૦૯.એચ. એફ.૩૨૪૫, પાંચ લાખની કિંમતની મત્તાની સ્કોર્પિયો કાર નં. જીજે. ૨.એક્સ.૦૭૬૯ અને આઠ મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૫૩,૧૯,૦૯૦ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ અંગે સી.આઈ.એલ. સીઆઈડી ગાંધીનગરના અ.પો.કો. હરદેવસિંહ જી. ઝાલાએ સરકાર તરફે ઊંઝા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે પ્રોહિબિશન સુધારા એક્ટ મુજબ કુલ છ શખ્સો વિરૂદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. આરોપીઓમાં હરેશકુમાર વિરમભાઈ પટેલ રહે. બીલીયા, તા. સિદ્ધપુર, બુધારામ નૈનારામ બિશ્નોઈ રહે. ઝાલોર (રાજસ્થાન), ભૈરવભાઈ ઉર્ફે ભેરાભાઈ વાલજીભાઈ બિશ્નોઈ રહે. શ્રીપાલનગર રામબાગ ઊંઝા, ટ્રક ચાલક શાકિર અજમલ મનસુરી રહે. ધાર મધ્યપ્રદેશ, ગોલુ પન્નાલાલ રાઠોડ રહે. ઈન્દોર મધ્યપ્રદેશ તથા હનુમાનારામ રામચંદ્રજી બિશ્નોઈ ઝાલોર રાજસ્થાનનો સમાવેશ થાય છે. ઉપરોક્ત છ આરોપીઓ પૈકી પાંચ આરોપીઓ પકડાઈ ગયા હતા. જ્યારે ભૈરવભાઈ ઉર્ફે ભેરાભાઈ બિશ્નોઈ નાસી છૂટ્યો હતો. દારૂના ગુના સંદર્ભે કબજે કરાયેલ સ્કોર્પિયો કાર પર ઓનડ્યુટી એચપી લખેલુ હતુ.



## હરીભાઈ ચૌધરીની પ્રસંશનીય પહેલ

આમ તો કેટલાક લોકો પોતાનો વટ પાડવા નેતાઓના નજીકથી સેલ્ફી લઈને સોસીયલ મીડિયા પર પ્રભાવ જમાવતાં હોય છે, પરંતુ બનાસકાંઠાના એક એવા નેતા છે કે દર વર્ષે ફૂટપાથ પર જીવન ગુજારતા ભિક્ષુકોને શાલ ઓઢાડવા રૂબરૂ પહોંચી જાય છે. જી હા એક એવા નેતા કે જે દરેક ભિક્ષુકને શાલથી કરે છે દર વર્ષે સન્માન.






## ખીમાણા બેંક પર પથ્થરમારો કરનાર આરોપીને શિહોરી કોર્ટમાં રજૂ કરાયા

કાંકરેજના ખીમાણા ગામે દેનાબેંકમાં ગ્રાહકો અને બેંક કર્મીઓ વચ્ચે ઘર્ષણ થતા ટોળાએ બેંક પર પથ્થરમારો કર્યો હતો. જેમાં પોલીસે આઠ આરોપીઓની ધરપકડ કરી હતી અને તમામ આરોપીઓને આજે શિહોરી કોર્ટમાં રજુ કરાયા હતા.કાંકરેજના ખીમાણા ગામે આવેલી દેનાબેંક શાખામાં ગત રોજ ગ્રાહકો અને બેંકના કર્મીઓ વચ્ચે બોલાચાલી થઈ હતી. બાદમાં મામલો બિચકતા ૧૦૦થી વધારે લોકોનું ટોળુ ધસી આવ્યુ હતુ અને ભારે પથ્થરમારો કર્યો હતો. જેમાં કેટલાક પોલીસ કર્મીઓને પણ ઈજાઓ થવા પામી હતી. પથ્થરમારાની ઘટનાને લઈ બેંકના બ્રાન્ચ મેનેજરે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આઠ આરોપીની અટકાયત કરી હતી. પોલીસે આ તમામ આરોપીઓને આજે શિહોરી કોર્ટમાં રજૂ કર્યા હતા.

## ભિલોડા ડેપો ધ્વારા સ્લીપર કોચ એસ.ટી.બસનો શુભારંભ

હિંમતનગર ડિવીઝનના ભિલોડા એસ.ટી.બસ ડેપો ધ્વારા સ્લીપર કોચ એસ.ટી.બસનો શુભારંભ કરાતાં મુસાફરોમાં આનંદની લાગણી પ્રસરી છે. ભિલોડા એસ.ટી.બસ ડેપો મેનેજર કે.વી.બળેવાએ જણાવ્યું હતું કે ભિલોડા-ભુજ રૂટની નવિન સ્લીપર કોચ એસ.ટી. બસ ભિલોડા ડેપો ધ્વારા શુભારંભ કરાયો હતો. ભિલોડાથી સાંજે ૬:૧૫ વાગ્યે ઉપડતી સ્લીપર કોચ એસ.ટી. બસ વાયા હિંમતનગર, વિસનગર, પાટણ, રાધનપુર, અંજાર, ભચાઉ, સવારે ૫:૧૦ ભુજ વાગ્યે પહોંચે છે. ભિલોડા સહિત ગ્રામ્ય વિસ્તારોના મુસાફરો માટે એસ. ટી. ધ્વારા સ્લીપર કોચ આરામદાયક મુસાફરીનો લાભ મળતાં મુસાફરોમાં આનંદની લાગણી પ્રસરી છે.

## સુરત ખાતે રાવલ સમાજનો સ્નેહ મિલન સમારોહ અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૧

સુરત ખાતે રહેતાં શ્રી બાવીસગામ તપોધન બ્રાહ્મણ સમાજનાં ભાઈ-બહેનોનો સ્નેહ મિલન સમારોહ દર વર્ષની જેમ આ પણ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન આયોજકો દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં સમાજના બાળકોને પ્લેટફોર્મ મળી રહે તે હેતુથી સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં ઉપપ્રમુખ કનુભાઈ રાવલ સહિત સમાજના પદાઅધિકારીઓ આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં જયારે સમાજમાં સેવાકિય પ્રવૃતિ કરતું રૂદ્રાક્ષ ગ્રુપની પણ ઉપેસ્થિતિ



વર્ષે પણ ૨૨મો સ્નેહ મિલન સમારોહ યોજાયો હતો જેમાં સમાજના આગેવાનો અગ્રણીઓ સહિત વિવિધ મંડળના પ્રમુખો સહિત સમાજના પદાઅધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સુરત ખાતે આવેલ શ્રી ઉમીયા માતાજીનાં મંદિરના વિશાળ હોલમાં તા.૮-૧-૨૦૧૭ને રવિવારના રોજ શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણનો ૨૨મો સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. જેમાં સુરત ખાતે રહેતા રાવલ સમાજનાં ભાઈ-બહેનો દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે આવ્યું હતું અને બાળકોએ તેમણી આગવી શૈલીમાં પ્રાર્થના , ગીત, રાષ્ટ્રીય ગીત, ફેશન શો નાટક વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લઈને આવનાર સમાજનાં મહેમાનો પદાઅધિકારીઓ પ્રેક્ષકો વાલીઓના દિલ જીતી લીધાં હતાં જયારે આ પ્રસંગે શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજના પ્રમુખ સંજયભાઈ રાવલ, શિવશક્તિના વાઈસ ચેરમેન ગુંણવતભાઈ રાવલ, માજી પ્રમુખ નારણભાઈ રાવલ સમાજનાં મંત્રી હિતેન્દ્રભાઈ રાવલ, ઉપપ્રમુખ હસમુખભાઈ રાવલ, જોવા મળી હતી જયારે આ વર્ષે ઈનામ વિતરણના દાતા રાવલ દિનેશભાઈ અમૃતલાલ રણાસણ નિવાસી અને ભોજનના દાતા સ્વ. રાવલ રવિશંકર દલસુખરામ સહપરિવાર રણાસણ નિવાસી તરફથી રાખવામાં આવ્યું હતું જયારે સમગ્ર કાર્યક્રમનું આયોજન લાભશંકરભાઈ રાવલ, ચંદ્રકાન્તભાઈ રાવલ, આનંદ રાવલ તથા ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું અને સમગ્ર કાર્યક્રમનુંસફળ સંચાલન વિરલભાઈ રાવલ તથા પરશુરામ યુવક મંડળ દ્વારા કરવામાં આવ્યુંહતુ.

## પેથાપુરમાં યુવાને ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરતા ચકચાર

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર નજીકના પેથાપુર ગામમાં આજે બપોરના સમયે ૨૦ વર્ષીય યુવાને અગમ્ય કારણોસર ઘરના રસોડમાં જ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરતા ચકચાર મચી જવા પામી હતી. પેથાપુર ગામના કેરોસીન નગરના મારવાડી વાસમાં ૨૦ વર્ષીય શૈલેષજી છેણાજી સોલંકી પોતાના પરિવાર સાથે ગુજરાન કરે છે. શૈલેષજી સોલંકીએ આજે પોતાના જ ઘરમાં અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી જીવન ટુંકાવ્યું હતું. આ મામલાની જાણ પરિવારજનો થતા ભારે ચકચાર મચી જવા પામી હતી. આ મામલે પેથાપુર પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે ઘટનાસ્થળે દોડી આવી કાર્યવાહી હાથ ધરી હતી.




ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા, મહાવીરનગર-અમદાવાદ શાખા ધ્વારા ભિલોડા તાલુકાની બેડાસણ, સુનસર, ભુતાવડ છાપરાં પ્રાથમીક શાળાના અંદાજીત ૩૫૦થી વધુ વિદ્યાર્થી બાળકોને નોટબુક, પેન્સિલ, રબ્બર, કલર બોક્સ, મીઠાઈ પેકેટ, સ્કુલ બેગ, બુટ ચંપલ, પર્સ, કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ ગ્રામજનોને પેન્ટ, શર્ટ, સાડી, ગરમ કપડાં ૨૫૦ થી વધુ વ્યક્તિઓને આપવામાં આવ્યું હતું. ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા પ્રમુખ જીતેન્દ્રભાઈ ભાટીયા, મંત્રી જગદીશભાઈ પટેલ, નરેન્દ્રભાઈ પ્રજાપતી, રામઅવતાર શર્મા, વલ્કેશભાઈ પટેલ, મહાવીરનગર-અમદાવાદ શાખા પ્રમુખ બાબુભાઈ અકબરી સહિત સેવાભાવી કાર્યકરો હાજર રહ્યા હતા.

## ભિલોડામાં બાઈક ચોરાયું

ભિલોડા,તા.૧૧

ભિલોડાના હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારમાં આવેલ ત્રિભોવનનગર સોસાયટીમાંથી અજાણ્યા ચોર ઈસમો ઘર આગળ પાર્ક કરેલું બાઈક ચોરી જતાં બાઈક ધારકોમાં ભારે ફફડાટ ફેલાયો છે. ભિલોડા ત્રિભોવનગર સોસાયટીના રહેવાસી ભિલોડા એસ.ટી.બસ ડેપોના વર્કશોપમાં ફરજ બજાવતા સિધ્ધાર્થભાઈ ડી.ખરાડી ઘર આગળ પાર્ક કરેલી બાઈક હિરો હોન્ડા સી.બી.ઝેડ નંબર. જી.જે.૯.સી.સી. ૭૧૧૫ બાઈક અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી પલાયન થઈ જતાં ભિલોડા પોલીસએ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## ડીસામાં ખેડૂત ગ્રાહક બજારનો ધમધમાટ

ડીસા, તા. ૧૧

શાકભાજી અને ફળફળાદીનું ઉત્પાદન કરતાં ખેડૂતો પોતાનો માલ સીધે સીધો ગ્રાહકને વેચાણ કરી શકે તે માટે તમામ શહેરોમાં રાજ્ય સરકાર દ્વારા દર રવિવારે ખેડૂત ગ્રાહક બજાર શરૂ કરવામાં આવ્યું ખેડૂત જાતે જ પોતાનો માલ સીધે સીધો બજારમાં ગ્રાહકને વેચાણ કરી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા ખેડૂત ગ્રાહક બજાર શરૂ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ડીસા માર્કેટયાર્ડ સંચાલિત વી.જે. પટેલ શાકભાજી સબ માર્કેટયાર્ડ ખાતે રવિવારે ખેડૂત



છે. જે અંતર્ગત ડીસા માર્કેટયાર્ડ સંચાલિત વી.જે. પટેલ શાકભાજી સબ માર્કેટયાર્ડમાં પણ દર રવિવારે ખેડૂત ગ્રાહક બજાર ભરાય છે. જેમાં ગત રવિવારે ખેડૂત ગ્રાહક બજારમાં ભારે ધમધમાટ જોવા મળ્યો હતો.

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને પોતાના માલનો પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે હંમેશા પ્રયત્નશીલ રહી છે. ત્યારે ખેડૂતોને પોતાના માલનો પુરતો ભાવ મળી રહે અને ગ્રાહક બજારનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. જેમાં દર રવિવારે ખેડૂતો પોતાની શાકભાજી-ફળફળાદી સવારે ૪ થી સાંજે ૪ વાગ્યા સુધી સીધે સીધી ગ્રાહકને વેચાણ કરી શકે છે. આથી ગત રવિવારે ડીસા શાક માર્કેટમાં ખેડૂત ગ્રાહક બજારમાં ૧,૫૬,૮૬૦ રૂપિયાની શાકભાજીનું વેચાણ થવા પામ્યું હતું તેમ ડીસા માર્કેટયાર્ડના ઈન્ચાર્જ સેકેટરી એ.એન. જોષીએ જણાવ્યું હતું.

### ઠંડીનું મોજુ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અધિકારીઓના કહેવા મુજબ આગામી ૪૮ કલાક સુધી કોલ્લ વેવ રહેશે. આજે સવારે ૮.૩૦ વાગ્યાની આસપાસ આંકડા જારી કરાયા હતા. જેમાં ડીસામાં લઘુત્તમ તાપમાન ૬.૮ થયુંહતું. ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડી પડી રહી છે બીજી બાજુ હિમચાલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરમાં હિમવર્ષા થઈ છે. મળેલી માહિતી મુજબ ગુજરાતમાં ૧૪મી જાન્યુઆરી બાદ તીવ્ર ઠંડીનો ચમકારો રહી શકે છે. તીવ્ર ઠંડીના લીધે તમામ લોકો ગરમ વસ્ત્રોમાં હવે નજરે પડી રહ્યા છે. હાલમાં નીચલી સપાટી પર પ્રદેશમાં પવનો ફુંકાઈ રહ્યા છે. તેની સીધી અસર જોવા મળી રહી છે. અલબત્ત બપોરના ગાળામાં હજુ પણ ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા નથી. આગામી દિવસોમાં પણ આવી જ સ્થિતિ રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. હાલમાં બપોર કરતા વધારે સાંજે ઠંડીનો અનુભવ આજે વધુ થયો હતો. ઉત્તર ભારતમાં એકબાજુ ઠંડીના લીધે જનજીવન ખોરવાયેલું છે. ટ્રેન અને વિમાની સેવાને માઠી અસર થઈ છે.

### ડાયરી કેસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શકે છે. પ્રશાંત ભૂષણે કહ્યું હતું કે આ નિર્ણય દેશના નાગરિકો માટે એક ફટકા સમાન છે. સુપ્રિમ કોર્ટની પ્રતિષ્ઠાને લઈને પણ આના લીધે પ્રશ્નો ઉભા થશે. રાહુલ ગાંધી અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આ દસ્તાવેજોને ટાંકીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે ભ્રષ્ટાચારના સીધા આક્ષેપો કર્યા હતા. નવેમ્બર મહિનામાં પણ સુપ્રિમ કોર્ટે આ કેસમાં તપાસ કરવાના આદેશની માંગ કરતી અરજીને ફગાવી દીધી હતી. સાથે સાથે ભૂષણ દ્વારા રજુ કરવામાં આવેલા દસ્તાવેજોને પ્રમાણિક ગણાવ્યા ન હતા. આ તમામ દસ્તાવેજોને કાલ્પનિક રીતે ગણવામાં આવ્યા હતા. ગયા સપ્તાહમાં ભૂષણે ઈન્કમટેક્સ સાથે સંબંધિત રિપોર્ટ રજુ કર્યા હતા. પોતાના આક્ષેપો ટકી શકે તેવા પ્રયાસો કરવામાં આવ્યા હતા. તપાસ કરવા માટે કોર્ટ આદેશ કરી શકે તે હેતુસર આ દસ્તાવેજો રજુ કરવામાં આવ્યા હતા પરંતુ સુપ્રિમ કોર્ટે આજે આ દસ્તાવેજોને ફગાવી દીધા હતા. કોર્ટે કહ્યું હતું કે આ અરજી મેરીટને લાયક નથી. ભૂષણ દ્વારા રજુ કરવામાં આવેલા દસ્તાવેજો અપૂરતા છે. સુપ્રિમ કોર્ટે આ દસ્તાવેજોને શૂન્ય તરીકે ગણાવીને અરજી કરનાર સંગઠનને નક્કર પુરાવા રજુ કરવા માટે કહ્યું હતું.

### ભાવનાશીલ બન્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની નીતીઓ ઉપર પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે કેટલાક લોકોએ વંશવાદને પ્રોત્સાહન આપવા માટે પ્રયાસ કરવા જોઈએ નહીં. મિશેલ ઓબામા અને પોતાની પુત્રીઓનો આભાર માનીને ઓબામા ભાવનાશીલ બની ગયા હતા. પોતાના ભાષણમાં ઓબામાએ પત્ની અને પુત્રીઓનો ઉલ્લેખ કર્યો ત્યારે ઓબામાએ કહ્યું હતું કે છેલ્લા ૨૫ વર્ષથી મિશેલ તેમના બાળકોની માતાની સાથે સાથે એક બેસ્ટ ફ્રેન્ડ તરીકે રહ્યા છે. માલીયા અને સાસાનો ઉલ્લેખ કરતા ઓબામાએ કહ્યું હતું કે સમગ્ર લાઈફમાં જે કંઈપણ કર્યું છે તેનાથી સૌથી વધારે ગર્વની બાબત બંને પુત્રીઓના પિતા બનવાને લઈને છે. ભાષણની શરૂઆતમાં જ ઓબામાએ પોતાને એક શ્રેષ્ઠ પ્રમુખ બનાવવા માટે અમેરિકી નાગરિકોનો આભાર માન્યો હતો.

### ૨૪૩૮૫ એમઓયુ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જાપાનના પ્રતિનિધિ મંડળે જાપાનીઝ ઈન્ડસ્ટ્રીયલ ઝોન બનાવવામાં આવે તેવી રજુઆત રાજ્ય સરકારને કરી છે. જેથી ત્યાં બધી જ જાપાનીઝ ઈન્ડસ્ટ્રીઝ આવી શકે અને રાજ્યના ઔદ્યોગિક વિકાસને વધુ ગતિશીલ બનાવી સકે તેમ નીતિન પટેલે જણાવ્યું છે.

### વન-ટુ-વન બેઠક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યુએસઆઈબીસીના પ્રતિનિધિમંડળે જોન ચેમ્બરના નેતૃત્વમાં ૩૬ ઔદ્યોગિક સમુહના અધિકારીઓ સાથે મુખ્યમંત્રીએ વન-ટુ- વન બેઠક યોજી હતી. કેનેડા સરકારના મંત્રી અમરજિત સોહી તથા કેનેડાની કંપનીના અધિકારીઓએ મુખ્યમંત્રીસાથે ફળદાયી બેઠકમાં પરસ્પર રોકાણની તકો અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

જાપાનના રાજદૂત કેન્ઝી હિરામાત્સુ તથા ૨૬ કંપની પ્રતિનિધીઓ સાથે રૂપાણીએ મુલાકાત કરી હતી. જાપાનની કંપનીઓને ઈલેકટ્રોનિક ચીજવસ્તુઓના ઉત્પાદન ક્ષેત્રમાં રોકાણ માટે ગુજરાતમાં સાનુકૂળ તકો અને પ્રોત્સાહક નીતિઓની વિગતો વિજય રૂપાણીએ આપી હતી.

ગ્લોબલ સીઈઓ બેઠકમાં મુખ્યમંત્રીએ સ્માર્ટ સિટી, સ્કીલ ડેવલપમેન્ટ, લઘુ અને મધ્યમ કક્ષાના ઔદ્યોગિક રોકાણો આકર્ષી વધુ રોજગારીનું સર્જન કરવાની રાજ્યસરકારની પ્રતિબધ્ધતા હોવાનું કહ્યું હતું.આ બેઠકોમાં મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવ કે. કૈલાસનાથન, અગ્ સચિવ એસ. અપર્ણા, ઉદ્યોગના અધિક મુખ્યસિચવ પી. કે. તનેજા,મુખ્યમંત્રીના સચિવઅશ્વિની કુમાર, સચિવ ધનંજય દ્વિવેદી ઉપસ્થિત રહ્યા હતા.

### ભારતનું અર્થતંત્ર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નક્કર કામગીરી થતી નોતી. આભાસી અર્થતંત્રનો વિકાસ ગંભીર બાબત છે, એને અટકાવવા સંસદમાં જીએસટી એમેન્ડમેન્ટ પાસ કરવામાં આવ્યું છે દરેક અંદાજપત્ર પછી દેશમાં સબસીડીના એકીકરણ વિષે વાતો થતી હતી, જ્યારે ગયા વર્ષે આ સરકારે આધાર લો પસાર કરીને સબસીડીના લાભો સીધા લોકો સુધી પહોંચાડી દીધા. અર્થતંત્રમાં સુધારો લાવવાની બાબતો અને નિર્ણયો એકમેક સાથે જોડાયેલી છે એમ કહીને મંત્રી અરૂણ જેટલીએ જણાવ્યું હતું કે, ૮મી નવેમ્બર, ૨૦૧૬થી ભારતીય ચલણમાંથી હાઈવેલ્યુ નોટ્સ બદલવાનો નિર્ણય લેવાયો.

### ચાર ટીમ...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરમિયના પશુપંખીઓ પણ ગંભીર રીતે ઘવાતા હોવાનુ ધ્યાને આવે છે. આવા સંજોગોમાં નાગરિકો અને અબોલ પક્ષીઓના હિતને ધ્યાને લઈ વનતંત્ર દ્વારા જરૂરી પગલા લેવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં અગાઉ મળેલી બેઠકમાં પણ આ મામલે વિભાગના અધિકારીઓને જરૂરી સુચના આપવામાં આવી છે. નાયબ વનસંરક્ષક કે ટી પરમારે પણ તંત્રના અધિકારીઓને આ માટે બર્ડ રેસ્કયુ માટે જરૂરી આયોજન કરવા માટે સુચના આપી હતી. જે અન્વેય તા ૧૨ જાન્યુઆરીના રોજ સવારે ૧૦ થી ૧૨ કલાક દરમિયાન નાગરિકોને વાહન પર દોરીથી રક્ષણ પુરુ પાડતા સ્ટેન્ડનુ વિના મુલ્યે વિતરણ કરવામાં આવશે. નાગરિકોને વનતંત્રની ડિવિઝનલ કચેરી ખાતેથી ૫૦૦ જેટલા સ્ટેન્ડનુ વહેલા તે પહેલાના ધોરણે વિતરણ કરવામાં આવશે. જયારે નગરમાં ચાઈનીઝ દોરીનુ વેચાણ ન થાય તે માટે પણ તંત્રના અધિકારીઓ વોચ રાખશે . આ માટે તંત્ર દ્વારા ચાર ટીમ બનાવી દેવાઈ છે. આ ટીમ આકસ્મિક તપાસ કરશે. જયારે એન જી ઓ ના સહયોગથી ઘાયલ પક્ષીઓને સારવાર પુરી પાડવા માટે પણ ૫ ડોકટરો ખડેપગે રહેશે. નાગરિકોને ઘાયલ પક્ષીઓની સારવાર માટે વનચેતના કેન્દ્ર સંપર્ક-૨૩૨૬૦૬૩૨, ઉર્જા રેન્જ સંપર્ક-૨૩૨૪૬૯૨૨ તેમજ રેન્જ ફોરેસ્ટ ઓફિસર ભરત દેસાઈનો મો નં -૯૭૨૬૯૫૦૭૫૮ પર સંપર્ક કરવા જણાંવાયુ છે. ઘાયલ પશુ પક્ષીઓની સારવાર માટે પશુપાલન વિભાગે પણ ડોકટરની સેવા પુરી પાડવા માટે સહયોગ આપ્યો છે.

### શહેરોના કલેવર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દેશભરનાં શહેરોને હવે ઉપલબ્ધ સુવિધાઓના આધારે ક્રેડીટ રેન્કીંગ આપવામાં આવી રહ્યું છે અને ગુજરાતનું અમદાવાદ શહેર છછ+ રેન્કીંગ દ્વારા દેશભરમાં અગ્રેસર રહ્યું છે.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી શ્રી નાયડુએ શાસન વ્યવસ્થામાં પ્રો-પિપલ અને હકારાત્મક અભિગમ દ્વારા નવા જ પરિણામો મેળવી શકાય છે તે વાત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકારે સાબિત કરી આપી છે, તેમ જણાવ્યું હતું. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, હવે વિકાસના એજન્ડાને કેન્દ્રમાં રાખતી સરકાર માટે પોપ્યુલિઝમ નહીં, પીપલીઝમ – લોકોની જરૂરિયાત જ મહત્વની બની રહી છે.

શહેરોના વિકાસ માટે સ્માર્ટનેસ ઈશ્વરદત્તમ આશીર્વાદ નહીં પરંતુ લોકમાનસના ઘડતરથી જ આવી શકે છે તેમ જણાવી તેમણે ઉમેર્યું હતું કે, દેશભરમાં ૧૦૦ સ્માર્ટસિટીના નિર્માણ દ્વારા કેન્દ્ર સરકારે શહેરી જીવનની સ્માર્ટનેસને નવી જ દિશા આપી છે. તેમણે શહેરોની જેમ જ ગામડાના સર્વાંગી વિકાસ દ્વારા ગુજરાતે સ્થાપેલા વિકાસના નવા જ માપદંડોની પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્ય આજે ઈકોનોમિક એકસપ્રેસ હાઈ-વે ઓફ ઈન્ડિયા બની રહ્યું છે.

સેમિનાર દરમિયાન રાજ્યના અમદાવાદ, સુરત અને ભાવનગર જેવા શહેરોમાં અફોર્ડેબલ હાઉસીંગથી માંડીને વિવિધ આંતરમાખળાકીય સુવિધાઓના નિર્માણ માટે રૂા. ૧૧૯૦૦ કરોડના નવ સમજૂતી કરારો કરવામાં આવ્યા હતા. કેન્દ્રીય મંત્રી શ્રી નાયડુએ આ પ્રસંગે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા તૈયાર કરાયેલી "ફલાવર પાવર" કોફી ટેબલ બૂકનું વિમોચન પણ કર્યું હતું.

શહેરી ગૃહ નિર્માણ રાજ્ય મંત્રી શ્રી વલ્લભભાઈ વઘાસિયાએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ભારતને વિશ્વ સાથે જોડવાનું કામ કર્યું છે એવી લાગણી વ્યકત કરતાં જણાવ્યું હતું કે, ભારતમાં શહેરીકરણનો વ્યાપ વધ્યો છે. દેશની ૩૧.૮ ટકા જનસંખ્યા શહેરોમાં વસે છે. આગામી વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૦ કરોડ જનસંખ્યા એટલે કે ૪૦ ટકા લોકો શહેરોમાં વસવાટ કરતા હશે. મંત્રીએ જણાવ્યું કે, ગુજરાત સમગ્ર દેશમાં ઝડપથી વિકાસતું રાજ્ય છે. શહેરોમાં વસતા નાગરિકોને પાયાની અને માળખાગત સુવિધાઓ મળી રહે તે માટે સુનિયોજિત અને આયોજનબદ્ધ કાર્યયોજના સાથે રાજ્ય સરકાર આગળ વધી રહી છે. ગુજરાતના છ શહેરોની કેન્દ્ર સરકાર દ્વારા સ્માર્ટ સિટી તરીકે પસંદગી કરવામાં આવી છે. આ તમામ શહેરોમાં નાગરિકોને પીવાનું પાણી, શહેરી પરિવહન, ઘનકચરાનો અસરકારક નિકાલ, સ્વચ્છતા, આરોગ્ય, શિક્ષણની સુવિધાઓમાં વધારો કરવામાં આવી રહ્યો છે.